# TAT- HS Prelims પરીક્ષા – ૨૦૨૬ માં ઉપસ્થિત થયેલ

## ઉમેદવારો માટે અગત્યની સૂચના

- તા.૧૨/૦૪/૨૦૨૬ ના રોજ લેવામાં આવેલ TAT-HS પરીક્ષામાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને જણાવવાનું કે, આ પરીક્ષાઓના **A** કેટેગરીના પ્રશ્નપત્ર મુજબની પ્રોવિઝનલ આન્સર કી આજ તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ પરીક્ષાના પ્રશ્નપત્રના કોઇ પ્રશ્નના ઉત્તર બાબતે આપ રજૂઆત કરવા માંગતા હો તો seb.aookly.com પર ઓનલાઈન રજુઆત (Query) કરવાની રહેશે. (જેના સ્ટેપ આ સાથે સામેલ છે.)
- જો એક કરતા વધુ પ્રશ્નો અંગે રજૂઆત કરવાની હોય તો પ્રશ્નદીઠ અલગ-અલગ રજૂઆત કરવાની રહેશે.
- રજૂઆત મોકલવાનો સમયગાળો : તા.૦૪/૦૫/૨૦૨૬ના રોજ(સાંજના ૦૪:૦૦ કલાક) થી તા.૧૦/૦૫/૨૦૨૬ (સાંજના ૦૪:૦૦ કલાક સુધી)
- પ્રોવિઝનલ આન્સર કી પ્રશ્નપત્ર સીરીઝ (A,B,C,D,E) પૈકી માત્ર સીરીઝ- A ના પ્રશ્નપત્ર અનુસાર છે. જેથી રજૂઆત કરવાના આપે પ્રશ્નપત્ર સીરીઝ – A મુજબના પ્રશ્ન નંબરનો ક્રમ નંબર જ દર્શાવવાનો રહેશે. આ માટે સીરીઝ- A મુજબનું પ્રશ્નપત્ર રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ **www.sebexam.org** પરથી ડાઉનલોડ કરી શકાશે.
- જે પ્રશ્નના ઉત્તર અંગે રજૂઆત કરવી હોય તેના આધાર માટે રજુ કરવામાં આવતું પુસ્તક સરકાર દ્વારા પ્રકાશિત થયેલુ હોવું જોઇએ એટલે કે કોઇ ખાનગી પ્રકાશનો દ્વારા પ્રકાશિત થયેલ પુસ્તકો/સાહિત્ય આધાર તરીકે માન્ય રહેશે નહી.
- આધારો વગરની રજૂઆતો ધ્યાને લેવામાં આવશે નહી.
- નિયત સમય મર્યાદામાં એટલે કે તા.૧૦/૦૫/૨૦૨૬ ના સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં મળેલ રજૂઆતો જ ધ્યાને લેવામાં આવશે.
- આ પરીક્ષામાં ઉપસ્થિત હોય તેવા ઉમેદવારો જ આ પ્રકારની રજૂઆત કરી શકશે જેની ખાસ નોંધ લેવી.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

# રાજ્ય પરીક્ષા બોર્ડ (SEB) - ગાંધીનગર

## TAT પરીક્ષા માટે રજૂઆત કરવાની માર્ગદર્શિકા

---

### ભાગ ૧: લૉગિન કરવાની રીત

- **સ્ટેપ ૧**: તમારો સીટ નંબર (Seat Number) દાખલ કરો.
- **સ્ટેપ ૨**: તમારી જન્મ તારીખ (Date of Birth) પસંદ કરો.
- **સ્ટેપ ૩**: 'આગળ વધો' બટન પર ક્લિક કરો.

### ભાગ ૨: પ્રશ્ન અંગે રજૂઆત સબમિટ કરવાની રીત

- **સ્ટેપ ૪**: 'Select Medium' માંથી તમારું માધ્યમ પસંદ કરો.
- **સ્ટેપ ૫**: 'Select Subject' માથી તમારો વિષય પસંદ કરો.
- **સ્ટેપ ૬**: 'Select Question' માંથી પ્રશ્ન નંબર પસંદ કરો.
- **સ્ટેપ ૭**: સાચો વિકલ્પ પસંદ કરો અને તમારી રજૂઆત ટૂંકમાં લખો.
- **સ્ટેપ ૮**: પુસ્તકનું નામ, પ્રકાશક, આવૃત્તિ અને પેજ નંબર જેવી વિગતો ભરો.
- **સ્ટેપ ૯**: આધાર પુરાવાની ફાઇલ અપલોડ કરી 'રજૂઆત સબમિટ કરો' પર ક્લિક કરો.
- **સ્ટેપ ૧૦**: પ્રક્રિયા પૂર્ણ થયા બાદ 'Logout' કરો.